SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Pagdandi**
**Edition:** Bhavnagar | **Date:** June 13, 2011 | **Page No.:** 07 | **Category:** Sterling Hospital

Doctor's team successfully performs the first living donor liver transplant at Sterling Hospital


# સ્ટર્લિંગ હૉસ્પિટલ, હવે એલડીએલટીનું ઓપરેશન કરતાં દેશના જૂજ કેન્દ્રોમાનું એક

## સ્ટર્લિંગ હૉસ્પિટલની ડૉકટર્સ ટીમ દ્વારા જીવીત દાતાનાં લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવ્યું

અમદાવાદ, તા.૧૨

સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હૉસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદની ડૉકટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યકિતના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પિડાતા વ્યકિતમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના પર વર્ષની ઉંમરના જનરલ પ્રૅકટીશનર ડૉ. કનુભાઈ ગોહીલ અને તેમના સંબંધી શ્રી પરમાર ઉપર, આ ઑપરેશન ડૉ. એ.એસ. સોઈન, ડૉ. હિતેષ ચાવડા, ડૉ. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી-ઈન્સ્ટીટ્યુટ ઑફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન ઍન્ડ રિજનરેટીવ મેડીસીનના ચીફ ઑફ લીવર ટ્રાન્સપ્લાન્ટ ઍન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડૉ. એ.એસ. સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

આ કેસ અંગેની વિગત આપતાં સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ-હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડૉ. હિતેષ ચાવડા એ જણાવ્યું હતું કે "ગયા મહિને ડૉ. કનુભાઈએ પેટની તકલીફ, અશકિત અને કમળાની ફરિયાદ સાથે હૉસ્પિટલનો સંપર્ક કર્યો હતો.



તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રકતદાતા તરફથી તેમને હીપેટાઈટીસ-સીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અન લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સમાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યકિતનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સાઓમાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા શ્રી પૂનમ પરમાર, ડૉ. ગોહીલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઈચ્છા દર્શાવી."

તા.૨૦ મેના રોજ સ્ટર્લિંગ હૉસ્પિટલ ખાતે પાસ-પાસેના ઓપરેશન થિયેટર્સમાં, આ ઓપરેશન કરવામાં આવ્યું અને દાતા તેમજ દર્દીને હૉસ્પિટલમાંથી અનુક્રમે ૭ મા અને ૧૨ મા દિવસે તંદુરસ્ત અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી.

ડૉ. ચાવડાએ અંતમાં જણાવ્યું હતું કે "સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદમાં ડૉ. એ.એસ. સોઈન અને તેમની ટીમ

**અનુસંધાન પાના નં.૨ ઉપર**

**સાતમા પાનાનું શરૂ...**

## સ્ટર્લિંગ હૉસ્પિટલ

સ્થાનિક ટીમને આવું મોટું ઑપરેશન કરવામાં સહાયરૂપ બને છે. ડૉ. ગોહીલને ઑપરેશન કરાયું તે ટીમમાં ડૉ. એસ. પાટવારી, ડૉ. નિલય મહેતા (હીપેટોલોજીસ્ટસ), ડૉ. વિસ્મીત જોષીપુરા, ડૉ. અમીત શાહ, ડૉ. આશિષ પરીખ અને ડૉ. સુમાના (સર્જન્સ)ની બનેલી સ્થાનિક ટીમનો સમાવેશ થતો હતો. એનેસ્થેશિયા ટીમના સભ્યોમાં મેદાન્તા હોસ્પિટલ, ગુરગાંવના ડૉ. વિજય વહોરા અને ડૉ. સંજીવ ઉપાધ્યાય, ડૉ. રક્ષેશ દેસાઈ અને ડૉ. ભાવિન-પટેલનો સમાવેશ થયો હતો."

સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદ એ **NABH** અને **NABH** ઍક્રેડીટેશન ધરાવતી ગુજરાતની સૌ પ્રથમ હૉસ્પિટલ છે તેમજ સતત ત્રણ વર્ષ સુધી અમદાવાદની શ્રેષ્ઠ હૉસ્પિટલ તરીકેનુ સન્માન ધરાવે છે. જયારે સ્ટર્લિંગ હૉસ્પિટલ, વડોદરા ઍક્રેડીટેશન ધરાવતી દક્ષિણ ગુજરાતની સૌ પ્રથમ હૉસ્પિટલ છે.